સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

કાવાદાવા કાયદાના, ખટપટો ખૂટતી નથી!
ચીટકી બેઠા ખૂરશી પર માયા છૂટતી નથી!
ફૂટતી નથી દાઢ બુદ્ધિની, ચોકઠાં આવ્યાં છતાં -
તેથી સ્તો આવા ચિટકુઓને પ્રજા ચૂંટતી નથી !!

હાઈકુ

સત્તા નશામાં
થયા, 'દેવ-ગૌડા'
કુમાર સ્વામી...

ગૂંચવાયા સૌ -
પક્ષપાતની ગૂંચે
ન્યાય આંટી'માં...

ચિંતન

શાન્તસંસારકલનઃ કલાવાનપિ નિષ્કલઃ ।
યઃ સચિત્તોઽપિ નિશ્ચિન્તઃ સ 'જીવન્મુક્ત' ઈષ્યતે ॥

ઉપરોક્ત શ્લોક 'ડીવાઈન સંસ્કૃત' સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

સંસારનું ચિંતન છોડી દેનાર જે ઈન્દ્રિયોયુક્ત (ઈન્દ્રિયોથી તે તે પ્રવૃત્તિ કરવા છતાં) ઈન્દ્રિયરહિત અને જે ચિત્તવાળો હોવા છતાં (ચિત્ત દ્વારા જરૂર પડે વિષયગ્રહણ કરવા છતાં) ચિત્તરહિત છે, તે 'જીવનમુક્ત' કહેવાય છે.

મન-આભા-માં તાટસ્થ્ય ભાવ આવવો જોઈએ. સંસારમાં રહેવા છતાં ફર્મ-ફરજ પ્રત્યે નિષ્ઠા રહેવા છતાં એમાં લીંબાય નહીં - અલિપ્ત રહીને પ્રવૃત્ત રહે, પાંદડાં પર ઝાકળનું ટીપું પડે છતાં, પાંદડું ભિંજાય નહીં અને પાણીનું ટીપું એને ભીંજવ્યા વિના સરીજાય એવી રીતે મન-ચિત્ત પણ સંસારની પ્રવૃત્તિથી લિપ્ત રહી પ્રવૃત્ત રહે તે 'જીવન-મુક્ત' છે.

સુવિચાર

- સિયાસત આવામ પર, યહ એહસાન કરતી હૈ, આંખે છીન લેતી હૈ, જબ ચશ્મેં કા દાન કરતી હૈ - **અહમદ મકરાણી**
- મેં પ્રભુની કોઈ ભક્તિ-સરભરા નહોતી કરી, તોય પ્રભુખુશ... કેમ કે મેં યાચના નહોતી કરી - **ચંદ્રેશ મકવાણા**
- વ્યાપારની સફળતાની પારાશીશી જો નફો છે તો ધર્મસાધનાની સફળતાની પારાશીશી રાગ-દ્વેષની હાનિ છે - **આચાર્ય વિજયરાજ રત્નસૂરિજી**
- મૃત્યુને આવકારવાની શક્તિ સહજ પ્રાપ્ત થઈ નથી તે મેળવવા માટે સાધના કરવી પડે છે - **ચંદ્રહાસ ત્રિવેદી**
- ચોખ્ખો મારો ઓટલો, ચોખ્ખો ઘરનો ચોક, ચોખ્ખા લુંગડા જોઈને, ચોખ્ખું કહે સૌ લોક, ચોખ્ખું મારું મુખડું, ચોખ્ખા મારા હાથ, ચોખ્ખા મારા દિલમાં, રહે જગતનો નાથ - **પી.એમ. પરમાર**
- ન 'ભાવતા' ને પણ 'નભાવતા' આવડે એનું નામ 'જિંદગી' - **ચિત્રલેખા**
- આજનું ઔષધ : ફટકડીને પાણીમાં ઘસી તેમાં હળદર મિક્સ કરી તે પેસ્ટ કરોળિયા પર માલિશ કરવાથી રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક મહિલા વર્ષોથી એક મંદિરમાં રોજ જતી. એક દિવસ અચાનક તેણે પૂજારીને કહ્યું, 'આવતીકાલથી હું મંદિરે નહીં આવું.' પૂજારીએ પૂછ્યું, 'કેમ ?' મહિલાએ કહ્યું, 'આ મંદિર હવે મંદિર ક્યાં રહ્યું છે અહીં ગામ ગપાટા મારે છે, કોઈક મોબાઈલ પર ધંધાની મોટે મોટેથી વાતો કરે છે, યુવાનો હેડફોન લગાડીને સંગીત સાંભળી રહ્યા છે. આવા માહોલમાં મને ઘરે રહેવું વ્યાજબી લાગે છે.' પૂજારીએ કહ્યું, 'જેવી આપની મરજી પણ આજે મારી એક વાત માનજો. એક કળશ લઈ તેમાં છલોછલ પાણી ભરો અને પછી મંદિર પરિસરની બે વાર પરિક્રમા કરવાની છે. શરત એટલી પણ છે કે કળશનું પાણી જરાય છલકાવું ન જોઈએ.' મહિલાએ કહ્યું, 'એમાં શું મોટી વાત છે, હમણાં જ પરિક્રમા કરી આવું છું.' પરિક્રમા પૂરી કર્યા પછી મહિલા આવી તેણે કહ્યું, 'જુઓ, કળશ જરા પણ છલકાયો નથી.' ત્યારે પૂજારીએ કહ્યું, 'હવે મને એટલું કહો આ પરિક્રમા કરતી વખતે તમે કોઈને ગામ-ગપાટા કરતાં જોયાં ? તમે કોઈને ફોન પર વાત કરતાં સાંભળ્યા?' મહિલાએ પૂજારીનાં બંને સવાલના જવાબમાં ના પાડી. ત્યારે પૂજારીએ કહ્યું, 'બહેન, તમારું ધ્યાન કળશનું પાણી છલકાવું ન જોઈએ એ વાતમાં હતું. આવું જ તમારે કરવાની જરૂર છે કે જ્યારે મંદિર આવો ત્યારે તમારું ધ્યાન ઈશ્વરની પ્રાર્થનામાં લગાડવું જોઈએ, કે જેથી તમને આજુબાજુના શોરૂબકોર સંભળાય નહીં. જો આપણે આજુબાજુ શું ચાલી રહ્યું છે તે તરફ ધ્યાન આપીશું તો આમ બન્યા કરશે, પણ જો આપણે આપણું ધ્યાન પ્રભુમાં લગાવીશું તો આજુબાજુની દરેક વાત ગૌણ બની રહેશે.'

મહિલાએ પૂજારીને મંદિર આવવાનું ચાલુ રાખવા વચન આપ્યું.

વિશ્વમાં ભારતનું કદ વધ્યું

તંત્રીસ્થાનેથી...

ચંદ્રયાન-૨ના પ્રક્ષેપણના પહેલા મુહૂર્તને અપશુકન નડ્યા ત્યારે ઈસરોના કર્મઠ વૈજ્ઞાનિકો વખત પૂરતા જરૂર ઉદાસ થયા હશે. પરંતુ એમને પોતાની ટેકનિકલ આવડત પર પાકો ભરોસો હતો. એટલે એમણે ગણતરીના દિવસોમાં જ 'ચંદ્રયાન-૨'નું સફળતા પૂર્વક પ્રક્ષેપણ કરી બતાવી અંતરિક્ષમાં દબદબો ધરાવતા અન્ય ત્રણ દેશો - રશિયા, અમેરિકા, ચીનની પંગતમાં પોતાની હાજરી નોંધાવી છે. કેટલીક બાબતોમાં ભારત ઘણું પછાત છે - કબૂલ, પરંતુ કેટલીક બાબતોમાં એ દુનિયાના કોઈ પણ આધુનિક કે સમૃદ્ધ દેશની સ્પર્ધા કરી શકે છે. ભારતીય પુરાણો કે મહાકાવ્યોમાં અંતરિક્ષનો વિસ્તૃત ચિતાર મળે છે. આપણે વૈદિક ઋષિ એના પગ જમીન પર ટેકવીને બ્રહ્માંડ સાથે ડાયલૉગ કરતો રહ્યો છે. એને સપ્તર્ષિના નામકરણમાં પણ પોતાની વિભૂતિઓને સાંકળવાનું સૂઝ્યું તે શું સૂચવે છે ? ખગોળ વિજ્ઞાનમાં ભારત જ વિશ્વગુરુ હતું. ભાસ્કરાચાર્ય અને વરાહમિહિર જેવા વૈજ્ઞાનિકોની જ પરંપરામાં આ ભૂમિએ હોમી જહાંગીર ભાભા અને વિક્રમ સારાભાઈ જેવા મહાન વૈજ્ઞાનિકો પેદા કર્યા, જેમના અથાગ પ્રયત્નોને કારણે આજે આપણે વિશ્વની મહાસત્તાઓની હરોળમાં પ્રવેશી શક્યા છીએ. ચંદ્રયાન-૨ એ મંગળયાન પછીની ભારતની મોટી હરણફાળ છે. અગાઉ આપણા અવકાશયાત્રી ચંદ્રયાત્રા કરી આવ્યા છે. હવે ત્યાં વસવાટ કરવાની અને જીવનની સંભાવના તપાસવાની નવી લક્ષ્યયાત્રા આરંભાઈ છે. આપણા મહાન વૈજ્ઞાનિકો કયારેક પ્રસિદ્ધિના મોહમાં નથી પડ્યા. તેઓ ચૂપચાપ પોતાનું કામ કરતા રહે છે. અમેરિકા અને રશિયા વચ્ચેના અંતરિક્ષ યુદ્ધમાં ભારત અને ચીનની સામેલગીરીથી વૈશ્વિક સ્તરે હવે નવી સ્પર્ધા શરૂ થઈ છે. એ સ્પર્ધા હજી તો શરૂ જ થઈ છે પરંતુ જેમ જેમ અંતરિક્ષમાં રહસ્યો ખૂલતાં જશે તેમ તેમ આ સ્પર્ધામાં કડવાશ ઉમેરાઈ શકે છે. ચંદ્રને સૂર્યમાળાનો ગ્રહ માનનારા આપણા જયોતિષશાસ્ત્રને આધુનિક અંતરિક્ષ વિજ્ઞાને જબ્બર આંચકો આપ્યો છે. ચાર લાખ કિ.મી. દૂર આવેલા પૃથ્વીના આ ઉપગ્રહમાં બધાં જ પૃથ્વીતત્ત્વો હોવાની સંભાવના છે. થીજી ગયેલા પાણીનો વિનિયોગ કરીને ત્યાં વસવાટ કરનાર ભવિષ્યના ચંદ્રનિવાસીઓ પૃથ્વીનો ભાર હળવો કરી શકે છે. આમ પણ પૃથ્વી થોડાં વર્ષો પછી વસવાટ કરવા લાયક ગ્રહ નહીં રહે એવી વૈજ્ઞાનિકોની ગણતરીછે ત્યારે વૈકલ્પિક વસવાટ માટે માણસે અંતરિક્ષમાં ચંદ્ર કે મંગળ જેવાં અધિષ્ઠાનો પર પસંદગી ઉતારવી જ પડશે. ચંદ્રયાન-૨ની સફળતા બાદ અંતરિક્ષ સંશોધન વધુ વેગવંતુ બનવાનું છે અને પૃથ્વીની ચાર મહાસત્તાઓ - અમેરિકા, રશિયા, ચીન અને ભારત વચ્ચે ત્યાં સૌથી પહેલાં વસવાટ કરવાની તીવ્ર સ્પર્ધા જામવાની છે. એ માટે ચંદ્રનો સીડી તરીકે ઉપયોગ થવાનો છે કારણ કે એ પૃથ્વીની સૌથી નજીકનું સ્પેસ સ્ટેશન બની રહેશે. મંગળ ગ્રહને તો 'ભૂમિપુત્ર' - 'ભોમ' જેવાં નામો સાંપડેલ છે. કમ સે કમ આપણા પૂર્વજો એટલું તો જાણતા હતા કે મંગળ પર ધરતી જેવું વાતાવરણ હોવું જોઈએ. અંતરિક્ષમાં પહોંચનાર પ્રથમ ભારતીય અવકાશયાત્રીએ તત્કાલીન વડાપ્રધાનને કેટલા ઉમળકાભેર વાત કરેલી તે યાદ આવે છે. હવે અંતરિક્ષમાં રહીને નહીં પરંતુ ચંદ્રની ધરતી પર ઊતરીને મનુષ્ય એનો સરવે કરી શકે એની પૂર્વભૂમિકા ચંદ્રયાન-૨માં ગોઠવાયેલાં અદ્યતન સ્વયંચાલિત ઉપકરણો દ્વારા સંભવિત બનશે. ચંદ્રયાન-૨ ધાર્યા કરતાં વધુ સફળ મિશન સિદ્ધ થાય એવી પ્રાર્થના કરીએ. ૐ સોમાય નમઃ !

માણસ કર્મોથી બંધાયેલો છે...

નવાં કલેવર

નટવર હેડાઉ

જજ સાહેબે ચૂકાદો સંભળાવતાં કહ્યું, 'કૃપાલસિંહે અત્યાર સુધી જે કંઈ ગુહાઓ કર્યા તે બધા જઘન્ય અપરાધ હતા. વારંવાર જામીન પર છૂટી જતો હો. પરંતુ ફરી ગુન્હાખોરીની પ્રવૃત્તિમાં સંડોવાઈને ગુન્હેગાર બની જતો હતો.'

આ વખતે તેણે બેંક લૂંટી અને પોતાની બહેન સાથે જબજસ્તી કરી.

સંત બોલ્યા, 'મૈયા, તારું કલ્યાણ થશે. મનમાં જે દુઃખ છે તેનું નિવારણ થઈ ગયું છે. પછી શું કામ ચિંતા કરે છે. બધો હિસાબ બરાબર છે'

નશામાં ડુબેલો માણસ કોણ જાણે શું નું શું કરી નાંખે તે કહી શકાય નહીં. તેથી આ વખતે કૃપાલસિંહને આજીવન કારાવાસની સજા આપવામાં આવે છે. જે દરમિયાન તેને તેનાં કુંટુંબીજનોને પણ મળવા દેવાની પરવાનગી મલશે નહીં.

અદાલતમાં સન્નાટો છવાઈ ગયો. થોડી હિલચાલ થઈ. કૃપાલસિંહની માં અને તેની બહેનના ચહેરા પર ઉદાસીનતા છવાઈ ગઈ. તેઓ બંને ધીમા પગલે બહાર આવ્યાં.

કૃપાલસિંહને જેલની સજા ભોગવતાં એક માસનો સમય વીતી ગયો હતો. વસંતકુંવર બાનું મન દીકરા માટે તડપતું હતું. તે સાથે હૃદયમાં એક પ્રકારનો એવો ભાવ પણ ઊઠતો હતો કે માતાના હૈયાને કંપાવતો હતો.

બહેન સરસ્વતીનું દિલ ભાઈ પ્રત્યે નફરતથી ભરાઈ ગયું હતું. સમાજમાં બધા વસંતકુંવરના કુટુંબ પર આંગળી ઉઠાવી રહ્યા હતા. માં અને દીકરી દીકરાના કુકર્મોથી દુઃખી હતા. તેથી શહેર છોડીને જવા માંગતા હતા. તેવામાં એક દિવસ એક સંત ફરતાં ફરતાં વસંતકુંવરના બારણે આવી ઊભા રહ્યા. ઘરમાંથી કોઈ બહાર આવ્યું નહીં. તેથી તે બોલ્યાં. 'ભિક્ષામ દેહી...'

સંતનો અવાજ સાંભળી વસંતકુંવર બહાર આવી. તે ઉદાસ અને સુસ્ત હતી. સંતે જોયું કે ઘરની માલીકણ ઉદાસ અને દુઃખી છે. તે ફરી બોલ્યા. 'મૈયા ભિક્ષા મળશે'

'લાવું છું મહારાજ' વસંતકુંવર દુઃખી મનથી ફરી ઘરમાં ગઈ અને એક થેલીમાં અનાજ ભરીને લઈ આવી અને સંતને આપવા લાગી.

સંત બોલ્યા, 'મૈયા, તારું કલ્યાણ થશે. મનમાં જે દુઃખ છે તેનું નિવારણ થઈ ગયું છે. પછી શું કામ ચિંતા કરે છે. બધો હિસાબ બરાબર છે.'

વસંતકુંવર સંતનું વાક્ય સાંભળી ચોકી ગઈ. અને બોલી, 'મહારાજ, વિધવાનો જુવાન દીકરો જેલમાં છે. ચિંતા તો થાય જ ને?'

માણસ કર્મોથી બંધાયેલો છે. તારા દીકરાએ ખુબ ખરાબ કર્મો કર્યા છે. તેથી સજા થઈ છે. તેમાં દુઃખ કઈ વાતનું છે. જો તેને ફાંસી પણ થઈ ગઈ હોત તો સારું થાય. તને દુઃખ આપનાર દીકરો હતો. તેથી માં તું દુઃખી ન થા. ઈશ્વરે તારું જીવન સુધારવા સર્વોત્તમ ઉપહાર પણ મોકલ્યો છે.'

વસંત કુંવરે કહ્યું, 'કોઈ મોટો ઉપકાર નથી કર્યો. આ વિધવાને ખભો દેનાર પણ નથી રહ્યો.'

'તારું બીજું બાળક છે ને ?' સંતે કહ્યું, 'પરંતુ મહારાજ એ તો દીકરી છે. તેનું જીવન પણ મારે જોવાનું છે.'

'ઈશ્વરનો એજ સંકેત છે. તારા બીજાં સંતાનને ખભે ચડીને તું જઈશ.' સંતે કહ્યું.

આટલું કહી સંત આગળ વધી ગયા. વસંતકુંવરે જોયું તો આકાશમાં એક પણ વાદળ નહોતું! તે સ્વચ્છ આકાશને નિહાળી રહી.

આપણાં સંબંધો : રાધાજીનો ન્યોછાવર અને ઉદ્ધવ નો જ્ઞાનગર્વ

આવો જીવીએ શાનદાર

વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

શ્રી કૃષ્ણ વિષેના પુરાકલ્પનોમાં રાધાજીનું ઉમેરણ આમ તો મોઢે થી થવા પામેલું પણ એકવાર ઉમેરણ થયું તો ભક્તોના હૃદયમાં રાધાજીએ કાયમી સ્થાન લઈ લીધું. શ્રીકૃષ્ણ સાથે રાધાજીનો સંબંધ એવો અવિયોજય બની રહ્યો છે કે શ્રી રાધાકૃષ્ણની યુગલમૂર્તિએ બીજા બધા સંબંધોને ગૌણ કરી નાખ્યાં છે. શ્રીરાધાકૃષ્ણ વિષે લખલૂટ સાહિત્ય રચાયું છે. આમાનું એક એટલે શ્રી રાધાવતાર.

શ્રી રાધાવતાર''માં ઉદ્ધવજીના મુખેથી એક પ્રસંગ કહેવાયો છે.

મથુરાવાસ દરમ્યાન એક દિવસ શ્રીકૃષ્ણ ઉદ્ધવને કહે કે પોતાનું માથું ફાટી જાય એવું મસ્તકમાં તીવ્ર શૂળ ઉપડયું છે. મિત્રાની દશા જોઈને ઉદ્ધવે વિવિધ ઉપચારો બતાવ્યા પણ શ્રીકૃષ્ણએ કહ્યું કે ''મારી આ વેદના એ પ્રકારની છે કે વૈધથી કે જડીબુટ્ટી યા ઔષધીથી એ મટી શકે નહીં. એક જ ઈલાજ છે, કોઈ વ્યકિત સ્વેચ્છાએ એ ઈલાજ માટેની વસ્તુ આપે તો''

ઉદ્ધવે એ ઈલાજ વસ્તુનું નામ પૂછ્યું તો શ્રીકૃષ્ણ કહે ''એ વસ્તુ તારા જેવા જ્ઞાનીઓ પાસે જ હોય છે, તારી પાસે પણ છે. જો તું આપે તો ..''

ઉદ્ધવે કહ્યું કે મારી પાસે હોય તો માંગવાની ના હોય, એ તો આપની જ કહેવાય વગર પૂછયે લઈ લેવાની હોય.

ઉદ્ધવ આટલું બોલ્યા ત્યાં તો શ્રીકૃષ્ણ તરત જ ઊભા થયા અને ઉદ્ધવના ચરણોમાં વાંકા વળ્યા. શ્રીકૃષ્ણને પોતાના ચરણોમાં વાંકા વળતાં જોઈને ઉદ્ધવ બે ડગલાં પાછળ હટી ગયા ને કહ્યું કે પ્રભુ આ શું કરો છો !

શ્રીકૃષ્ણ કહે, મારા માથાનું શૂળ કોઈની ચરણરજ મારા માથા પર ચડાવું તો જ મટી શકે એમ છે. એ ચરણરજ પણ સ્વેછાએ આપેલી હોવી જોઈએ, તે કહ્યું એટલે વગર પૂછયે તારી ચરણરજ લઈ લઉં. આમ કહી શ્રીકૃષ્ણ ફરી વાંકા વળ્યા.

ઉદ્ધવે શ્રીકૃષ્ણની ચેષ્ટા જોઈને કહ્યું કે પ્રભુ મારા ચરણની રજ આપના માથા ઉપર ચડાવીને આપ મને નરકમાં ધકેલવા માંગો છો? એ કદાપિ ના બને. આપની ચરણરજ મારા માથા ઉપર શોભે, નહીં કે મારી ચરણરજ આપના માથા ઉપર.

ઉદ્ધવનો પ્રત્યુતર સાંભળી કૃષ્ણે કહ્યું કે '' જો તને નરકમાં જવાનો જ ડર હોય તો પછી તું બીજા કોઈની ચરણરજ લઈ આવ. કોઈપણ વ્યકિતની હશે ચાલશે, શરત માત્ર એટલી કે એ વ્યકિત સમજીને આપે કે એ રજ શ્રીકૃષ્ણનાં માથે ચડાવવાની છે.

આટલું કહીને શ્રીકૃષ્ણ દર્દથી પીડાતા પીછોડી માથે બાંધીને સૂઈ ગયા.

ઉદ્ધવ ચરણરજ લેવા માટે નીકળી પડ્યા. મથુરાની શેરીએ શેરી અને ગલીએ ગલી ખૂંદી વળ્યા પણ કોઈ નગરજન શ્રીકૃષ્ણના માથે ચડાવવા માટે પોતાના ચરણની રજ આપવા તૈયાર ન થયું. કેટલાક લોકોએ તો આવું ઘોર પાપ કરાવવા પ્રવૃત થયેલા માનીને ઉદ્ધવને ઠપકો પણ આપ્યો.

ચરણરજ શોધતા શોધતા ઉદ્ધવ મથુરાની બહાર, વૃજભૂમિમાં , વૃંદાવન સુધી પહોચી ગયા. રસ્તામાં એક ગોપીવૃંદ મળ્યું. બધી જ શ્રીકૃષ્ણની બાળસખીઓ. શ્રીકૃષ્ણ માટે પ્રાણ ન્યોછાવર કરનારી ગોપીઓ.

ઉદ્ધવે વિચાર્યું કે આ બધી અભણ ને અજ્ઞાની ગોપીઓ, ગોવાલણો પગની રજ તરત જ આપી દેશે ને પછી ભલે એ અક્કલ વિનાની ગોવાલણોને રોવર નરક ભોગવવાનું પાપ લાગે.

ઉદ્ધવે કહ્યું કે પોતે મથુરાથી આવે છે. શ્રીકૃષ્ણ એ મોકલ્યો છે. એ ભારે કષ્ટ સહન કરી રહ્યા છે.એમના માથા ઉપર ચડાવવા ચરણરજ જોઈએ છે. તો જ તેનું કષ્ટ દૂર થશે.

ગોપીવૃંદમાં રાધાજી પણ હતા. તેઓ અચરજ પામી બોલ્યા ''ચરણરજ લેવા તમે આટલે દૂર આવ્યા? તમે પોતે કેમ ના આપી? રાધાજીના સાહજીક પ્રશ્નના ઉત્તર આપતાં ઉદ્ધવ બોલી ગયા કે ''મારા પગની રજ તેમના માથા પર ચડે તો મને તો નરક જ મળે.''

રાધાજીએ આટલું સાંભળ્યુ ને તરત જ ફટાક દઈને પોતાની ઓઢણી ફાડીને એક ફટકામાં પોતાના બંને પગ નીચેની રજ મુઠ્ઠી ભરીને કપડામાં બાંધી દીધી, રાધાજીના પગલે અન્ય ગોપીઓએ પણ પોતાના ચરણની રજ એ પોટલીમાં નાંખીને ઉદ્ધવને આપતા કહ્યું.

''ઉદ્ધવ, અમે કોઈ નરકના ભયથી ડરતા નથી. અમારું તો સર્વસ્વ શ્યામને સમર્પિત છે. શ્રીકૃષ્ણના કષ્ટનિવારણ ખાતર એક જન્મતો શું , સેંકડોવાર નરકમાં જવું પડે તો પણ અમે તૈયાર છીએ.

રાધાજીના શબ્દો સાંભળી ઉદ્ધવનો જ્ઞાનગર્વ ઓગળી ગયો.

શ્રીકૃષ્ણ અને ગોપીજનો, શ્રીકૃષ્ણ અને દ્રૌપદી, શ્રીકૃષ્ણ અને રાધાજીનો પ્રેમ એ નિષ્કામ platenic ગણાય છે. એવી જ રીતે શ્રીકૃષ્ણ અને ઉદ્ધવજીની મૈત્રીપણ દાખલા રૂપ ગણાય છે.

આમ છતાં આ પ્રસંગ ઉપરથી એવું ફલિત થાય છે કે ઉદ્ધવજીને જ્યારે નરકમાં જવાનો ભય લાગ્યો ત્યારે તેમણે શ્રીકૃષ્ણ સાથેના સંબંધનાં મૂલ્યનું નહીં પણ પોતાના નરકમાં જવાના ભય વિશે વિચાર્યું અને તે પ્રમાણે નિર્ણય લીધો. તેનાથી ઊલટું,ગોપીઓ અને રાધાજીએ ભવોભવ નરકની પીડાની સામે શ્રીકૃષ્ણ સાથેના સંબંધને વધારે મૂલ્યવાન ગણ્યો.

માનવીય સંબંધોની ખરી કસોટી આ પ્રકારના કપરા સમયે જ થતી હોય છે. શ્રીકૃષ્ણ, ઉદ્ધવ અને રાધાજીનો પ્રસંગ તો એક પુરાકલ્પન છે પણ આપણાં સંબંધોમાં આ પ્રકારનો કપરો સમય આવે, ત્યારે આપણે શું નિર્ણય લઈએ મહત્વનુ છે. એક તરફ સંબંધીની મુશ્કેલી અને બીજી તરફ આપણી સાનુકૂળતા એ બે માંથી આપણે શું પસંદ કરીએ છીએ તેના આધારે આપણાં સંબંધોનું સાચું મૂલ્ય અંકાતું હોય છે. આપણી સંપતિ, આપણું જ્ઞાન, આપણી શાન-શૌહરતનું આપણને ઘણીવાર ગુમાન હોય છે, ગર્વ હોય છે જે સાચા સંબંધોની સામે ક્યારેક ચૂરચૂર થઈ જતાં હોય છે.

આપણાં કોઈપણ પ્રકારના સંબંધોની ગરિમા કદાચ આપણે રાધાજી જેવી ના જાળવી શકીએ, પણ ત્યાં સુધી પહોંચવા માટે એ તરફ પ્રયાણ કરી શકીએ તો પણ આપણાં સંબંધો સાર્થક થઈ શકે.

વિકાસ આવકાર્ય પરંતુ તેની કિંમત કેટલી ગણવાની?

જીવન ઉપવન

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

પ્રત્યેક દિવસ ભારે ઉદાસીનતા, બોજ અને તણાવની બક્ષીસ આપીને જાય છે. ખબર નથી કે આગલી પળે શું થશે પરંતુ દરેક વ્યક્તિ જીવનની અંદરનું સાચું જીવન શોધવા રોજ મહેનત કરે દોડે ઉધામા કરે છતાં સાંજ ઢળે કે જિંદગી ભાર ઝોળીમાં મૂકી ગઈ હોય તેવું લાગ્યા જ કરે છે! જન્મથી અંત સુધીમાં સંઘર્ષ હોય એ સહજ રીતે સમજાય છે અને એ સ્વીકૃત છે પરંતુ નવી સદીમાં દુનિયાનો ચહેરો, દિલ, ભાષા, વેગ બધો બદલાઈ ચૂક્યો છે. કૃષિ, નદી, વ્યવસાય, ઉદ્યોગ, વ્યાપાર સદીઓથી પ્રવર્તે છે છતાં આજ આ બધું કલૂષિત, કંકાસી, કદરૂપ થઈ રહ્યું છે એ માનવું જ પડે તેમ છે. આપણા ધર્મ ગ્રંથો, શાસ્ત્રો વેદ વગેરેમાં પણ ઉલ્લેખ જે જોવા મળે છે તે મુજબ માનવ જીવનમાં પીડા, અન્યાય, શોષણ, ઘૃણા, હત્યા વગેરે હતાં ! રામના જીવનમાં સતત પીડાઓ આવી. કૃષ્ણના જીવનમાં આવું બધું સવિશેષ હતું છતાં એ વાંસળીના સુરમાં ગૌ માતાના સાનિધ્યમાં, ગોપીઓના વહાલમાં સરળ કરી સ્મિત અને કૌશલ્યપૂર્વક જીવ્યાં એ પણ છેક દ્વારકામાં આવીને સ્થિર થયા. રાક્ષસ અને રાક્ષસી વૃત્તિઓ એ લાખો વર્ષ પૂર્વે પણ હતી અને આજની અત્યાધુનિક દુનિયામાં પણ અસ્તિત્વ ધરાવે છે. સત્ય જાણવું અને સત્ય ને પચાવવું એ બંનેમાં બહુ જ તફાવત હોય છે. જે નરી આંખે દેખાય છે તે બધું સત્ય હોતું નથી અથવા સત્ય ઝટ જોવામાં આવતું નથી. ઉંમરની સાથે પરિપક્વતાનો જબરો નાતો હોય છે. ગુરુ ભણાવતા નથી એ તમને તમારામાંથી પેદા કરે છે. ઓગણીસો નેવુ પછી વિશ્વ જબરા પરિવર્તનના તબક્કામાં પ્રવેશી ગયું છે. દુનિયાને મુઠ્ઠીમાં કરવાની ઘેલછામાં હવે દુનિયા દબાઈ રહી છે !! માનવીય મૂલ્યો નાશ કઈ હદ સુધી માન્ય રાખવાનો ? આ પક્ષ પ્રશ્નો ઊભો થઈ ગયો છે, તમામ વર્ગના બધા લોકોને વિકસવું જ છે તેમાં કોઈ બાંધછોડ નથી.

વિશ્વના કોઈ રાષ્ટ્રમાં વર્ણ વ્યવસ્થા નથી, વર્ગ હોય છે. ભારતમાં વર્ણ વ્યવસ્થા જે ગોઠવાઈ ત્યારથી સમસ્યા ઉકેલી ના શકાય તેવી હાલત થઈ છે. અનામત અને બિન અનામતની જે સ્થિતિ થતી રહે છે. તેના પાયામાં શું છે ? આધુનિક સાધનો, ઈન્ટરનેટ, સવલતો વગેરે પ્રાપ્ત થયા પણ શું એ દ્વારા માનવ સુખી થઈ રહ્યો છે ખરો ? સુખી એ સાપેક્ષ ખ્યાલ છે તો વિકાસ પણ સાપેક્ષ વિભાવના જ છે. ઈન્ટરનેટના ઉદય પછી માનવ મૂલ્યોનો અંત શરૂ થઈ ગયો છે જરા વિચારજો કે આ ઈન્ટરનેટનો ઘાતક ઉપયોગ કેટલો છે ! આકાશમાંથી ગંદકી સતત બધાના હાથમાં સતત ટપકતી જ રહે છે. બીજા શબ્દોમાં કહીએ તો તેનો દુરુપયોગ વધુમાં વધુ થાય છે કેમ કે બધાને કમાણી કરવી છે મતલબ કે વિકસવું છે. મોબાઈલના આગમન બાદ વિશ્વ ઝડપથી અને વ્યાપક રીતે બદલાયું છે. પરંતુ તેણે જે છિનવી લીધું છે એ બહુ જ આઘાત આપે તેવું છે. મગજમાં સવાલ ઊભો થયા જ કરે છે કે સાલુ વિકાસનું આ કયું લોજીક વધુ સાર્થક હશે, યુ-ટ્યુબ જેવા માધ્યમો એ દાટ વાળી દીધો છે !! દુનિયાની ગંદકી - વિકૃતિઓ - નગ્નતા - અશ્લીલતા આંગળીનાં ટેરવે હાજર હોય પછી માનવ ને કોણ પાઠ ભણાવે કે સાચું સમજાવે ? બજાર અને કમાણીના કદ મુજબ આ બધુ વધતું જાય છે પરિવારના સભ્યો પણ આ બધી ગંદકી કે વિકૃતિમાં ડૂબેલા હોય તેથી શિસ્ત ગઈ, સંસ્કાર ગયાં ઐક્ય ગયું, મૂલ્યો નાશ પામ્યાં, સંબંધોની ગરિમા મરી ગઈ હવે એક છેડે માત્ર સ્ત્રી છે અને સામે છેડે માત્ર છે પુરુષ - આ હાલત શા માટે ઊભી થઈ ? વિકાસને આર્થિક દૃષ્ટિએ મૂલવવામાં આવે ત્યારે સામાજિક પતનને ધિક્કારી શકાતું નથી. પૈસા પરમેશ્વરથી મોટો બની જાય પછી મંદિરની અંદર વિરાજતા ઈશ્વર કેટલી મહત્તા ધરાવે એ કહો !! નવી સદીમાં કમાણી કપરી થઈ અને રોજગારી ઘટી એટલે બધા ક્ષેત્રોમાં મહિલાઓ કાર્ય કરવા લાગી એ ખરાબ વાત નથી પરંતુ નારી ને નારી તરીકે ઈશ્વરે સર્જન કરી દુનિયાને સુંદર ભેટ આપી તેનું સમાજ અવમૂલ્યન કરતો જ જાય છે. અમુક ક્ષેત્રોમાં માત્ર પુરુષો જ હોય એ ભલાઈની બાબત છે.

અપરાધની દુનિયામાં શિક્ષિત નારીનો હિસ્સો વધી રહ્યો છે. ભણેલા લોકોની અપ્રમાણિકતા વધુ ઘાતક હોય છે. સમાજના કિલ્લાને બધી જ બાજુથી લુણો લાગ્યો એટલે હવે કોણ કોને બચાવે એ સ્થિતિ ઊભી થઈ છે. આસ્થાના સ્થાનકોમાં પણ ઘણી વિકૃતિઓ સુંદર રૂપમાં પ્રવેશી ગઈ છે એટલે ત્યાં સદાચાર ઘટી ગયો છે. માનવ હવે વન્ય પશુઓથી ડરતો નથી પણ એક જ જગ્યાએ આસપાસમાં જ રહેતા નરાધમોથી ડરે છે કારણ કે માણસ પારખવાના મશીન્સ હજી આવ્યા નથી. દિલમાં રહેલા ઝેરને શોધી આપે તેવી લેબોરેટરી ક્યાંય નથી. સરકાર તો આયોજનો કરી નાગરિકોને આર્થિક ભીંસ કેમ ઘટે તે પ્રયાસ કરે છે પરંતુ સરકાર બધુ ના કરી શકે. મોબાઈલ ઉપરની અમુક એપ્લીકેશન પ્રતિબંધિત જો કરી શકાતી હોય તો હવે વિલંબ કર્યા વિના એ કામ કરવાનો સમય આવી જ ગયો છે. બીજું ટીવી ચેનલ્સ ઉપરના ક્રાઈમ્સ સંલગ્ન પ્રોગ્રામ્સ ઉપર પ્રતિબંધ મૂકવો ખૂબ આવશ્યક છે. કેમ કે તેમાથી શિખવાની ખરાબ કઈ રીતે થઈ શકે તેવી પ્રેરણા મળે છે. જે સમાજ પોતાના મૂલ્યો, સંસ્કારો ખોઈ બેસે તેને કદાચ સંપત્તિ મળી જશે પણ સુખ કદી નહીં મળે, પારિવારિક એકમોનો સંપ, પ્રેમ અને આદર લુપ્ત થયા છે ચારિત્ર્યનું ધોવઆમ હરક્ષણે થઈ રહ્યું છે તો આપણે વિકાસની કેટલી કિંમત ચૂકવવા માટે તૈયાર છીએ. આર્થિક પરતંત્રતા આવે પછી વ્યક્તિની બધી આઝાદી મરી પરવારે છે એ જ દશા આજે આપણા દેશની થઈ રહી છે. અસ્તિત્વનો જંગ બધા લડે છે છતાં વિકાસનું સ્વપ્ન તૂટતું નથી. વિકાસ માટે માનસિક પ્રતિબદ્ધતા પણ જરૂરી છે.

શેર આસ્વાદ :
કંઈ જ નક્કી નહિં આ તો માણસ કહેવાય
બહારથી પોતાનો અંદરથી બીજાનો નીકળે.